

Price ₹ 5/-

# મારું હૃદય

વર્ષ-૧૦, અંક-૧૧૩, ૧૫ મે, ૨૦૧૯

### કાર્ડિયોલોજીસ્ટ

| | | | |
|---|---|---|---|
| ડૉ. સત્ય ગુપ્તા | +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦ | ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |
| ડૉ. વિનીત સાંખલા | +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬ | ડૉ. ઉર્મિલ શાહ | +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯ |
| ડૉ. વિપુલ કપૂર | +૯૧-૯૮૨૪૦ ૯૯૮૪૮ | ડૉ. હેમાંગ બક્ષી | +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧ |
| ડૉ. તેજસ વી. પટેલ | +૯૧-૮૯૪૦૩ ૦૫૧૩૦ | ડૉ. અનિશ ચંદ્રારાણા | +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨ |
| ડૉ. ગુણવંત પટેલ | +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬ | ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. કેયૂર પરીખ | +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯ | | |

### પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ

| | | | |
|---|---|---|---|
| ડૉ. કશ્યપ શેઠ | +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮ | ડૉ. મિલન ચગ | +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |

ડૉ. દિવ્યેશ સાદડીવાળા +૯૧-૮૨૩૮૩ ૩૯૯૮૦

### કાર્ડિયાક સર્જન

| | |
|---|---|
| ડૉ. ધીરેન શાહ | +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩ |
| ડૉ. ધવલ નાયક | +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ |
| ડૉ. અમિત ચંદન | +૯૧-૯૬૯૯૦ ૮૪૦૯૭ |

### પીડિયાટ્રીક અને સ્ટ્રક્ચરલ હાર્ટ સર્જન

ડૉ. શૌનક શાહ +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨

### કાર્ડિયોવાસ્ક્યુલર, થોરાસીક અને થોરાકોસ્કોપીક સર્જન

ડૉ. પ્રણવ મોદી +૯૧-૯૯૨૪૦ ૮૪૭૦૦

### કાર્ડિયાક એન્સ્થેટીસ્ટ

| | |
|---|---|
| ડૉ. નિરેન ભાવસાર | +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭ |
| ડૉ. હિરેન ધોળકિયા | +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮ |
| ડૉ. ચિંતન શેઠ | +૯૧-૯૧૭૩૨ ૦૪૪૫૪ |

### કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ

| | |
|---|---|
| ડૉ. અજય નાઇક | +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. વિનીત સાંખલા | +૯૧-૯૯૨૫૦ ૧૫૦૫૬ |

### નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ

ડૉ. અમિત ચિતલીયા +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦


CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

# ધમનીઓની અંદરની રૂક્ષતા

ધમનીઓમાં જે ચરબી તથા ક્ષાર જામે તેને ઍથરોસ્ક્લેરોસીસ (Atherosclerosis) કહેવાય છે. આ ઉંમર વધતાંની સાથે થતી સ્વાભાવિક ક્રિયા છે, જેમાં ચરબી, કોલેસ્ટેરોલ, રક્તકોષ વગેરે ધમનીઓના અંદરના પડ ઉપર જમા થવાના કારણે ધમનીઓ કઠણ અને સાંકડી થઈ જાય છે. બધા માણસોમાં નાનપણથી જ આ ક્રિયા શરૂ થઈ જાય છે, પણ એ ક્રિયા અમુક લોકોમાં ધીમે અને અમુક લોકોમાં ઝડપથી આગળ વધે છે. જ્યારે આવું હૃદયની ધમનીઓમાં થાય, ત્યારે તે વ્યક્તિને હૃદયરોગનો હુમલો (હાર્ટ ઍટેક) આવવાની શક્યતા રહે છે.



ઍથરોસ્ક્લેરોસિસથી બંધ થતી ધમનીનું છેદ દૃશ્ય



ઉપરોક્ત ધમનીનું લાંબુ છેદ દૃશ્ય

આ ચરબીના થર ધીમે ધીમે જામતા જાય છે અને ધમનીની અંદરની લોહી વહેવાની જગ્યા ઓછી થતી જાય છે, જેથી હૃદયને પૂરતું લોહી મળતું બંધ થાય છે. દર્દીને છાતીમાં દુખે છે અને ગભરામણ થાય છે. એને 'એન્જાયના' કહેવાય છે. શરૂઆતમાં પરિશ્રમ કરવાથી (જેમ કે વધારે વજન ઊંચકવાથી અથવા દાદરા ચડવાથી) દુખાવો થાય છે. તદુપરાંત ધમનીની અંદર ચરબીના અને લોહીના રક્તકણોના વધારાના થર જામી જવાથી ધમનીની અંદરની ઓછી થયેલી જગ્યામાં ફરીથી ઘટાડો થાય છે. જો ધમનીની અંદરની જગ્યા સંપૂર્ણ રીતે પુરાઈ જાય તો તે વ્યક્તિને હૃદયરોગનો હુમલો (હાર્ટ ઍટેક) આવે છે.

## ધીમે વધતો અવરોધ વધુ સારો

હૃદયની ધમની ધીમે ધીમે કરીને બંધ થાય તો વધુ સારું, કારણ કે તેમ થવાથી વૈકલ્પિક ધમનીઓ (કોલૅટરલ આર્ટરીઝ) કાર્યરત થવા માંડે છે અને લોહીથી વંચિત ભાગોને લોહી પહોંચાડવાની ક્રિયા જળવાઈ રહે છે.

ક્યારેક હૃદયની ધમનીની અંદર લોહીનું દબાણ વધી જવાથી, તણાવથી, તમાકુમાં રહેલા નિકોટિનથી અથવા ઉશ્કેરાટથી જામેલી ચરબીનો નાનો કટકો ફૂટી જાય છે અને ધમની અચાનક બંધ થઈ જાય છે. આ પ્રકારની ઘટનાઓથી સર્જાયેલો હૃદયનો હુમલો અચાનક આવે છે અને ગંભીર નીવડી શકે છે.

ઍથરોસ્કલેરોસીસને ભલે નિવારી શકાતો ન હોય, પણ લોહીમાં ચરબીનું પ્રમાણ સામાન્ય મર્યાદામાં રાખીને તેને આગળ વધતો રોકી શકાય છે.







CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

# બંધ નળીઓનું પરિણામ એન્જાયના

વારંવાર થતો છાતીનો દુખાવો અને ગભરામણ 'એન્જાયના પેક્ટોરિસ' તરીકે ઓળખાય છે. સામાન્ય રીતે તે થોડી મિનિટો પૂરતો જ રહે છે. મોટા ભાગના લોકોમાં તે છાતીની વચ્ચે, પાંસળીઓની પાછળ થાય છે.



એન્જાયના : અસહ્ય દુખાવો



એન્જાયના શરીરના ઉપરોક્ત ભાગોમાં થઈ શકે.

એન્જાયના એટલે છાતીમાં ભાર, કશુંક તંગ લાગતું હોવાનો અનુભવ, ભારે દુખાવો, બળતરા, દબાણ અથવા ભીંસ થતી હોય તેવો અનુભવ. ક્યારેક તે દુખાવો બાવડા, ગળા અને જડબા સુધી પણ ફેલાય છે. તેનાથી ખભા, બાવડા અને કાંડામાં સંવેદનશૂન્યતા થઈ શકે છે.

અમુક લોકોને દુખાવો ઓછો તીવ્ર હોય છે અથવા લાંબા સમય સુધી પણ ચાલે છે, અને છાતી સિવાયની અન્ય જગ્યાઓ જેવી કે ખભા, જડબા અથવા પીઠમાં થાય છે. એન્જાયનામાં અમુક દર્દીઓને શ્વાસ ચડે છે અને ચક્કર આવે છે.

એન્જાયનાનું કારણ છે અપૂરતો લોહીનો પુરવઠો અને તેથી મળતાં અપૂરતાં ઑક્સિજન અને પોષણ. જ્યારે હૃદયમાં ઑક્સિજનની જરૂરિયાત વધી જાય છે ત્યારે તે ઑક્સિજન પહોંચાડવા માટે રક્તવાહિનીઓ અસમર્થ હોય છે ત્યારે આવું થાય છે. તેથી જ એન્જાયના કસરત કરવાથી અથવા લાગણીના આવેશમાં આવવાથી વધારે થાય છે.

## ધીમે ધીમે થતી પ્રગતિ

એન્જાયના અને હૃદયરોગનો હુમલો એ બન્નેના રોગોની મૂળ ખામી એકસરખી જ છે. એટલે કે હૃદયને પૂરતું લોહી મળતું નથી, પણ તે છતાંય તે બન્ને બીમારીઓમાં ફેર છે.

## એન્જાયના: લોહીની હંગામી (Temporary) કમી

જ્યારે હૃદયને વધારે કામ કરવું પડે છે, ત્યારે તેને વધારે લોહીની જરૂર પડે છે. એન્જાયનામાં રક્તવાહિનીઓ અંદરથી સાંકડી થઈ જતાં એમાંથી પસાર થતા લોહી માટેની જગ્યા ઘટી જાય છે. તેથી થોડોક શ્રમ પડવાથી અથવા થોડીક જ કસરત કરવાથી હૃદયને જરૂરિયાત કરતાં ઓછું લોહી પહોંચે છે. તેથી છાતીમાં ગભરામણ અને દુઃખાવો થાય છે. પણ તેનાથી હૃદયના સ્નાયુઓને કોઈ કાયમી નુકસાન પહોંચતું નથી.

## હાર્ટ ઍટેક: લોહીની અચાનક અને કાયમી કમી

અમુક વાર હૃદયની એકાદ ધમનીમાં અવરોધ આવી જવાથી હૃદયના કોઈ એકાદ ભાગને મળતો લોહીનો પુરવઠો સાવ અચાનક જ બંધ થઈ જાય છે. સામાન્ય ભાષામાં આપણે તેને હાર્ટ ઍટેક કે હૃદયરોગનો હુમલો કહીએ છીએ. તેનાથી થતો છાતીનો દુઃખાવો ઘણો વધારે તીવ્ર હોય છે અને લાંબા સમય સુધી ચાલે છે. તે ઉપરાંત, હૃદય પર હુમલો આવે અને તેની સારવાર તાત્કાલિક ન કરવામાં આવે તો હૃદયને કાયમી ઈજા થઈ શકે અથવા મૃત્યુ પણ થઈ શકે છે.



## સ્થિર (સ્ટેબલ) અને અસ્થિર (અનસ્ટેબલ) એન્જાયના

એન્જાયનાના બે પ્રકાર હોય છે સ્થિર એન્જાયના અને અસ્થિર એન્જાયના.

- સ્થિર (સ્ટેબલ) એન્જાયનામાં આરામ કરવાથી અથવા દવા લેવાથી રાહત મળે છે.
- અસ્થિર (અનસ્ટેબલ) એન્જાયનામાં છાતીનો દુખાવો અને ગભરામણ વારંવાર થાય, લાંબા સમય સુધી ચાલે અને દવા લેવા છતાં પણ તેમાં સંપૂર્ણ રીતે રાહત ન મળે.ક્યારેક સ્થિર એન્જાયના અસ્થિર એન્જાયનામાં પરિવર્તન પામે છે. એમાં દર્દીની તબિયત વધારે બગડી જાય છે.

ક્યારેક સ્થિર એન્જાયના અસ્થિર એન્જાયનામાં પરિવર્તન પામે છે. એમાં દર્દીની તબિયત વધારે બગડી જાય છે.



**કેથ લેબ (Cardiac Catheterisation Laboratory): ઉચ્ચતમ ટેક્નોલોજી**

## એન્જાયનાનું નિદાન કઈ રીતે થાય છે?

ક્યારેક તો નિદાન ફક્ત પહેલાંથી થતી તકલીફ અને તેનાં લક્ષણો ઉપરથી કરી શકાય છે. શારીરિક તપાસ ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રામ (ઇ.સી.જી.) અને સ્ટ્રેસ ટેસ્ટ (ટ્રેડમિલ) ઉપરથી પકડાય છે.

ભાગ્યે જ એવું બને કે એન્જાયનાનું નિદાન પહેલાની તકલીફ, લક્ષણો, શારીરિક તપાસ, ઈ.સી.જી. અને સ્ટ્રેસ ટેસ્ટથી પણ ન થઈ શકે. આ પ્રકારના કેસમાં ડોબ્યુટામાઇન સ્ટ્રેસ ઇકો અથવા થેલિયમ સ્કૅન કરવામાં આવે છે. આ બંને તપાસોમાં હૃદયને મળતા લોહીની કમી વિષે માહિતી મળે છે.



> દર વર્ષની જેમ પપ્પુભાઈની વાર્ષિક તપાસ દરમિયાન ડૉક્ટરે તેમને બારીમાંથી વાંકા વળીને પોતાની જીભ બહાર કાઢવા કહ્યું.
>
> **'મને તમે દર વર્ષે આમ કરવા કહો છો, પણ હજુ સુધી મને ખબર નથી પડતી કે આવું શા માટે કરવાનું હોય છે?'** પપ્પુભાઈ બોલ્યા.
>
> **'આનું ખાસ કોઈ કારણ નથી.'** ડૉક્ટર બોલ્યા, **'સામેની ઑફિસના ડૉ. રામભાઈ મને ગમતા નથી, એટલે હું બધાને એમની સામે જીભ કાઢવાનું કહું છું.'**



પણ હૃદયની રક્તવાહિનીઓનું જીવંત ચિત્રણ (કોરોનરી એન્જિયોગ્રાફી) સૌથી સારી તપાસ કહેવાય. આમાં ક્ષ-કિરણોનાં ચલચિત્રોથી હૃદયની ધમનીઓમાં ફરતી દવા દેખાય અને કોઈ ધમની સાંકડી થઈ હોય તો એ પણ ચોખ્ખું દેખાય.

દર્દીના હૃદયની ધમનીઓ સાંકડી થઈ ગઈ હોય અથવા તેમાં કોઈ અવરોધ હોય તો એનો ખ્યાલ આવી જાય છે. તેમજ ધમની કઈ જગ્યાએ સાંકડી થઈ છે અને જો એમાં અવરોધ છે તો એ કેટલો ઉગ્ર છે એ પણ જાણવા મળે છે.

## એન્જાયનાની સારવાર

(તમારા ડૉક્ટરને પૂછીને લેવી)

નાઇટ્રોગ્લિસરિન (નાઇટ્રેટ્સ) એ એન્જાયનામાં રાહત આપવા માટે ઉત્તમ દવા છે. તે હૃદયની ધમનીઓને પહોળી કરી દર્દીને આરામ આપે છે. તે જીભની નીચે રાખીને ઓગાળવામાં આવતી ઝીણી ગોળીઓના સ્વરૂપમાં મળે છે. આ ગોળીઓ સસ્તી અને અસરકારક છે. આ દવાઓ જેટલી તાજી હોય એટલું વધુ સારું. એન્જાયનાના દર્દીએ આ દવા હંમેશાં સાથે જ રાખવી. તેનો ડોઝ ડૉક્ટરે લખી આપ્યો હોય એ પ્રમાણે જ લેવો. અમુક જાતની નાઇટ્રેટ્સ ગળી પણ શકાતી હોય છે અને તે લાંબા સમય સુધી અસર કરે છે.



JCI (USA) NABH NABH ER Ethics Committee NABL ACC GreenOT
CIMS® CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

એન્જાયના થઈ શકે તેવું કોઈ પણ કાર્ય, દાખલા તરીકે સ્વીમિંગ, ફાસ્ટ વૉકિંગ વગેરે કરતાં પહેલાં એક ગોળી લઈ લેવી હિતાવહ છે. જો દર પાંચ મિનિટે એક ગોળી (અથવા ૧૫ મિનિટમાં ત્રણ ગોળી) લેવાથી એન્જાયનામાં રાહત ન મળે, તો નજીકના દવાખાનાના તાત્કાલિક સારવાર વિભાગમાં બની શકે તેટલા જલદી પહોંચી જવું જોઈએ.

નાઇટ્રોગ્લિસરિન સિવાય એન્જાયનાના દર્દીઓને એસ્પિરિન અને ક્લોપિડોગ્રેલ અપાય છે. એ સિવાય સ્ટૅટીન્સ, બીટા-બ્લૉકર અને કેલ્શ્યમ ચેનલ બ્લૉકર પ્રકારની દવાઓ પણ એન્જાયનમાં વપરાય છે.

> એક દર્દી હતાં, રંજનબહેન. થોડુંક વધારે ચાલવાથી એમનો પગ સૂજી ગયો. ડોક્ટરને ફી ન આપવી પડે તે હેતુથી રંજનબહેને ડોક્ટરને ફોન પર પગના સોજા માટે સલાહ પૂછી.
>
> તપાસ કર્યા વગર દર્દીને દવા ન આપવી જોઈએ, એટલે ડોક્ટરે એમને ગરમ પાણીમાં પગ બોળવા કહ્યું.
>
> ગરમ પાણીથી રંજનબહેનને ફાયદો ન થયો. તેમનો પગ વધુ સૂજી ગયો અને દુખાવો પણ વધી ગયો. એમને લંગડાતા જોઈ એમના કામવાળા બહેને એમને ઠંડા પાણીમાં પગ બોળવા કહ્યું અને તેથી એમને ફાયદો થયો. તરત એમણે ડોક્ટરને ફોન કર્યો, **'તમે કેવા પ્રકારના ડૉક્ટર છો? તમે તો મને ગરમ પાણીમાં પગ રાખવા કહ્યું અને એનાથી સોજો વધી ગયો. મારા કામવાળા બહેને મને ઠંડા પાણીમાં પગ બોળવાની સલાહ આપી અને મને સારું થઈ ગયું.'**
>
> **'ના હોય! આવું કેમ થયું એ મને ખબર જ નથી પડતી. મારા કામવાળા બહેને તો ચોખ્ખું કહ્યું હતું કે ગરમ પાણીમાં જ પગ બોળવા જોઈએ!'** ડોક્ટરે કહ્યું.

જો દવાઓથી તમને એન્જાયનામાં રાહત ન મળે, તો તમારા ડૉક્ટર તમને એન્જિયોગ્રાફી અને તેના પછી એન્જિયોપ્લાસ્ટી અથવા બાયપાસ સર્જરી (એની ચર્ચા હવે પછી) કરાવવાની સલાહ આપશે.

**સૌજન્ય** *'હૃદયની વાત દિલથી' - લેખક : ડૉ. કેયૂર પરીખ*

## હાર્ટ ફેઈલ્યુર





**24 x 7** જ્યારે ઈમરજન્સી હોય, ત્યારે સીમ્સ જ
ઈમરજન્સી : +91 -97234 50000 | એમ્બ્યુલન્સ : +91-98244 50000

મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00

# સીમ્સ હોસ્પિટલ મેડિકલ ટીમમાં નવા ડૉક્ટરનો સમાવિષ્ટ

## સીમ્સ કેન્સરમાં નવા ડૉક્ટરનો સમાવિષ્ટ



**ડૉ. વત્સલ એન. કોઠારી**
DNB (Plastic Surgery),
MCh, MS (General Surgery), MBBS
**માઈક્રો વાસ્ક્યુલર**
**ઓન્કો રી-કન્સ્ટ્રક્ટીવ પ્લાસ્ટીક સર્જન**
મો. +91 86929 87753
vatsal.kothari@cimshospital.org



**ડૉ. મહાવીર તડૈયા**
MBBS, MS, M.Ch
**ઓન્કો સર્જન**
મો. +91 99099 27664
mahavir.tadaiya@cimshospital.org



**ડૉ. મીતા માંકડ**
MBBS, MD, MCh - Teacher
(Gynaec - Oncology)
**ગાયનેકોલોજીક ઓન્કોલોજીસ્ટ**
મો. +91 98250 24913
meeta.mankad@cimshospital.org

## સીમ્સ ઓર્થોપેડીકમાં નવા ડૉક્ટરનો સમાવિષ્ટ



**ડૉ. પાર્થ પારેખ**
MBBS, DNB
**Consultant Orthopaedic**
**Foot & Ankle Surgeon**
મો. +91 97123 00124
parth.parekh@cimshospital.org



**ડૉ. પ્રવીણ સારદા**
FRCS (Trauma & Orthopaedics), UK
Fellow, European Board of
Orthopaedics and Traumatology (FEBOT)
MBBS, MS (Ortho), Dip. SICOT (Gold Medalist)
**ઓર્થોપેડીક સર્જન (ખભો અને કોણી)**
મો. +91 77420 89371
praveen.sarda@cimshospital.org

## સીમ્સ ન્યૂરો સર્જરીમાં નવા ડૉક્ટરનો સમાવિષ્ટ



**ડૉ. પ્રશાંત પટેલ**
MBBS, MS, DNB (Neuro Surgery)
M.Ch (Neuro Surgery)
**ન્યૂરો સર્જન**
મો. +91 98254 55595
prashant.patel@cimshospital.org

**એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો : +91 98250 66661, +91-79-3010 1008**

CIMS
HAPPY HEALTH



# ચાલો સૌ ગરમી સામે રક્ષણ મેળવીએ

## ગરમીથી કેવી રીતે બચીશું ?

- વધુ પ્રમાણમાં પાણી, છાશ અથવા અન્ય પ્રવાહી પીસુ.
- લાંબો સમય તડકામાં નહીં રહીએ
- હળવા રંગના કપડાં પહેરીશું
- ઠંડકવાળા સ્થળ પર સમયાંતરે આરામ કરીશું
- નાના બાળકો વૃધ્ધો અને સગર્ભા સ્ત્રીઓનું ખાસ ધ્યાન રાખીશું

## લુ લાગવા (હીટ સ્ટ્રોક)ના લક્ષણો

- ગરમી થી અળઈઓ
- ખૂબ પરસેવો થવો અને અશક્તિ લાગવી
- માથાનો દુ:ખાવો, ચક્કર આવવા
- ચામડી લાલ, સૂકી અને ગરમ થઈ જવી
- સ્નાયુઓમાં દુ:ખાવો અને અશક્તિ
- ઉબકા અને ઉલ્ટી થવી



JCI (USA) NABH NABH ER Ethics Committee NABL ACC GreenOT

CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

# સીમ્સ હોસ્પિટલ

## જ્યારે ઈમરજન્સી, ત્યારે સીમ્સ

## યોગ્ય સારવાર, ઝડપી સારવાર




## ગુજરાતની સૌથી મોટી ઈમરજન્સી ટીમ માંની એક

**ઓર્થો - ટ્રોમા અને પોલી ટ્રોમા**

| | |
|---|---|
| ડૉ. પ્રણવ એ. શાહ | +91-99798 95596 |
| ડૉ. કૃણાલ પટેલ | +91-97235 53665 |
| ડૉ. સમીપ શેઠ | +91-98334 94466 |

**ન્યૂરો સર્જરી**

| | |
|---|---|
| ડૉ. દેવેન ઝવેરી | +91-98242 80706 |
| ડૉ. ટી.કે.બી. ગણપથી | +91-98795 26241 |
| ડૉ. પ્રશાંત પટેલ | +91-98254 55595 |
| ડૉ. પૂર્વ પટેલ (વિઝીટીંગ) | +91-99099 89428 |

**ક્રિટીકલ કેર**

| | |
|---|---|
| ડૉ. ભાગ્યેશ શાહ | +91-90990 68938 |
| ડૉ. વિપુલ ઠક્કર | +91-98254 88220 |
| ડૉ. ગૌતમ પ્રજાપતિ | +91-98248 97958 |

**વાસ્ક્યુલર અને થોરાસીસ સર્જરી**

| | |
|---|---|
| ડૉ. પ્રણવ મોદી | +91-99240 84700 |
| ડૉ. સૃજલ શાહ (વિઝીટીંગ) | +91-91377 88088 |

**ઈન્ફેકશીયસ ડીસીઝ**

| | |
|---|---|
| ડૉ. સુરભી મદન | +91-97129 71863 |

**મેક્સિલોફેશીયલ અને પ્લાસ્ટીક સર્જરી**

| | |
|---|---|
| ડૉ. વત્સલ કોઠારી | +91-86929 87753 |
| ડૉ. રીધમ મહેતા | +91-76000 11241 |
| ડૉ. અંકિતા મીઢા | +91-84696 44089 |

**જનરલ સર્જરી અને એબ્ડોમીનલ ટ્રોમા**

| | |
|---|---|
| ડૉ. જીગર શાહ | +91-98240 81719 |
| ડૉ. ચિરાગ શાહ | +91-98244 39793 |
| ડૉ. મનિષ ગાંધી (GI સર્જરી) | +91-90996 55755 |

**એમ્બ્યુલન્સ : +91-98 24 45 00 00 | ઈમરજન્સી : +91-97 23 45 00 00**

**24 X 7 મેડીકલ હેલ્પ લાઈન +91-70 69 00 00 00**

"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044
Published 15th of every month
Permitted to post at PSO, Ahmedabad-380002 on the 22nd to 27th of every month under
Postal Registration No. GAMC-1731/2019-2021 issued by SSP Ahmedabad valid upto 31st December, 2021
Licence to Post Without Prepayment No. PMG/HQ/090/2019-2021 valid upto 31st December, 2021

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,
Off Science City Road, Sola, Ahmedabad-380060.
Ph. : +91-79-2771 2771-72
Fax: +91-79-2771 2770
Mobile : +91-98250 66664, 98250 66668

**'મારૂ હૃદય' નો અંક મેળવવા અંગે :** જો તમારે 'મારૂ હૃદય' નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી 'સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.' ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, "મારૂ હૃદય" ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧-૭૯-૩૦૧૦ ૧૦૫૯/૧૦૬૦

CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices

# સીમ્સ હોસ્પિટલ

WORLD NO TOBACCO DAY - MAY 31, 2019

**આપણું સ્વાસ્થ્ય, આપણા હાથમાં**

#PledgeToCheckCancer

**મે 25-31, 2019**


નિઃશુલ્ક ડેન્ટલ ચેક-અપ


નિઃશુલ્ક કેન્સર નિષ્ણાંતની સલાહ (જરૂર હોય તો)


નિઃશુલ્ક સલાહ "Stop Tobacco Clinic"


ડેન્ટલ પ્રક્રિયામાં ૨૦% સુધી ડિસ્કાઉન્ટ

**અપોઈન્ટમેન્ટ માટે ફોન : +91-79-3010 1008 | મોબાઈલ : +91-98250 66661**
**સમય : સવારે 9 થી સાંજે 7 સુધી (સોમ થી શનિ) | ઈમેલ : opd.rec@cimshospital.org**

તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ સીમ્સ હોસ્પિટલ વતી હરિઓમ પ્રિન્ટરી, ૧૫/૧, નાગોરી એસ્ટેટ, ઇ.એસ.આઇ. ડિસ્પેન્સરીની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતેથી છાપ્યું અને સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.



JCI (USA) NABH NABH ER Ethics Committee NABL ACC GreenOT
CIMS®
CARE INSTITUTE OF MEDICAL SCIENCES
Earning Trust with World-Class Practices